
## તંત્રી સ્થાનેથી......

એ.બી.વી.પી. એ રાષ્ટ્ર ઘડતર, ચારિત્ર્ય ઘડતર, રાષ્ટ્રહિત અને સમાજ સેવા સહિતની અનેક પહેલને એક છત્ર નીચે સમાવિષ્ટ કરી ચાલતું સંગઠન છે. યુવાનોને રાષ્ટ્રહિત માટે મક્કમ બનાવવામાં એ.બી.વી.પી.ની ભૂમિકા અતિ મહત્વની છે. આ સંગઠને વ્યક્તિ નિર્માણથી રાષ્ટ્ર નિર્માણનો માર્ગ અપનાવ્યો છે. સ્વતંત્રતા સંગ્રામના ગુમનામ નાયકોના બલિદાનની વાતો પણ એ.બી.વી. પી. એ લોકો સુધી પહોંચાડી છે, તેમ તેમણે ઉમેર્યું હતું. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે ભાવનગરમાં આયોજીત અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ ગુજરાત પ્રદેશના ૫૪માં અધિવેશનનો પ્રારંભ કરાવી ઉપસ્થિત યુવાનોને સંબોધન કર્યું હતું. મુખ્યમંત્રીશ્રીએ આ સંદર્ભે વધુમાં કહ્યું કે, ભારત અત્યારે સૌથી વધુ યુવાનોની સંખ્યા ધરાવતો દેશ છે. યુવાશક્તિના યોગદાનથી રાષ્ટ્રને વધુ મજબૂત બનાવવાની સરકારની નેમ છે. ભારતના યશસ્વી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના વડપણ હેઠળ દેશ સ્વતંત્રના ૭૫ વર્ષ પૂર્ણ કરી આઝાદીના અમૃત કાળમાં પ્રવેશ્યો છે. અમૃતકાળમાં દેશના વિકાસ માટે યુવાનોની ભૂમિકા અગત્યની છે. મુખ્યમંત્રીશ્રીએ તેમના પ્રેરક ઉદબોધનમાં કહ્યું કે ગોહિલવાડની ધન્ય ધરા પર જ્ઞાન, શિલ અને એકતાના સમગ્ર સમન્વય થકી રાષ્ટ્ર નિર્માણ કાર્ય એ.બી.વી.પી.ના આ અધિવેશન દ્વારા થઈ રહ્યું છે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ શરૂ કરેલી પરિવર્તન ક્રાંતિ સાથે એ.બી.વી.પી. કદમ મિલાવી રહી છે. રાષ્ટ્રહિતને સર્વોપરિ માની આગળ ચાલનારી એ.બી.વી.પી. મા ભારતી સર્વોચ્ચ શીખરે બિરાજે તેવા કર્યો કરશે તેવી અપેક્ષા તેમણે વ્યક્ત કરી હતી. તેમણે ઉમેર્યું કે, વૈશ્વિક કક્ષાના શૈક્ષણિક કોર્ષ અત્યારે ગુજરાતમાં ઘરઆંગણે ઉપલબ્ધ છે. હવે યુવાનો શિક્ષણની સાથે જ તાલીમ અને રોજગાર મેળવી રહ્યા છે. દીર્ઘદ્રષ્ટા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના પ્રયત્નોથી સ્કિલ ઈન્ડિયા, સ્ટાર્ટ અપ ઈન્ડિયા, મુદ્રા યોજના સહિતની યોજનાઓ દ્વારા આપણા યુવાનો જોબ સિકર નહીં પરંતુ જોબ ગિવર બન્યા છે.મુખ્યમંત્રીશ્રીએ યુવાનોને રાષ્ટ્રનિર્માણમાં જોડવાનું આહ્વાન કરતી પંક્તિઓ “ઉઠો જવાન દેશ કી વસુંધરા પુકારતી, યે દેશ હૈ પુકારતા, પુકારતી મા ભારતી” નું પઠન કરી વિદ્યાર્થીઓમાં રાષ્ટ્રહિતની આહલેક જગાવી હતી. આતકે પ્રાસંગિક ઉદબોધનમાં સ્વાગત સમિતિનાં અધ્યક્ષશ્રી કોમલકાંત શર્માએ જણાવ્યું કે, અખીલ ભારતીય વિદ્યાર્થી પરિષદનું ૫૪ મું અધિવેશન મહારાજા કૃષ્ણકુમારસિંહજીની નગરી ખાતે યોજાઈ રહ્યું છે ત્યારે સમગ્ર ગુજરાતરાજ્યની છાત્ર શક્તિઓ માટે શિક્ષણની સાથે રાષ્ટ્રિયભક્તિનાં પ્રદર્શનની ત્રણ દિવસ ઉજવણી કરવામાં આવનાર છે. પ્રદેશ અધ્યક્ષશ્રી ડો. સંજયભાઈ ચૌહાણે જણાવ્યું હતું કે, મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલનો વિદ્યાર્થી પરિષદ સાથે જૂનો સંબંધ છે, આજે ગુજરાતમાં અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદમાં બે લાખથી વધુ સદસ્યતા ધરાવતું સંગઠન બન્યું છે. આ ઉપરાંત સમાજમાં જાગૃતિ ફેલાવવામાં પણ અખિલ ભારતીય વિદ્યાર્થી સંગઠન કાર્યરત છે.

# જૈન સમાજની લાગણીને અનુલક્ષી મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલનો નિર્ણય

**શેત્રુંજય તીર્થક્ષેત્ર પાલીતાણાના પ્રશ્નો સંદર્ભે આઠ સભ્યોની એક ઉચ્ચ સ્તરિય ટાસ્ક ફોર્સની રચના**



કમલમ્ ન્યુઝ,
મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે શેત્રુંજય જૈન તીર્થક્ષેત્ર પાલીતાણાના પ્રશ્નો અંગેજૈન સમાજની રજૂઆતો સંદર્ભે આઠ સભ્યોની એક ઉચ્ચ સ્તરિય ટાસ્ક ફોર્સની રચનાકરી છે. આ ટાસ્ક ફોર્સ જૈન સમાજની રજૂઆતો, માંગણીઓને ધ્યાને લઈને જે મુદ્દાઓનુંનિરાકરણ કરવું જરૂરી છે તે બાબતે રચવામાં આવી છે. ભાવનગર જિલ્લા કલેક્ટર અને જિલ્લા મેજીસ્ટ્રેટના અધ્યક્ષાપણામાં રચાયેલી આ ટાસ્ક ફોર્સના અન્ય સભ્યોમાં રેન્જ આઈ.જી. ભાવનગર, ઉપરાંત ભાવનગર જિલ્લાના પોલિસ અધિક્ષક, નાયબ વન સંરક્ષાક, ભૂ-સ્તર શાસ્ત્રી, જિલ્લા જમીન દફતર નિરિક્ષાક અને પાલીતાણા નગરપાલિકાના ચીફ ઓફિસર સભ્યો તરીકે રહેશે. ટાસ્ક ફોર્સના સભ્ય સચિવ તરીકે સબ-ડિવિઝનલ મેજીસ્ટ્રેટ પાલીતાણા રહેશે.

# ચાઈનીઝ દોરા, માંજા, નાયલોન દોરાતથા ચાઈનીઝ લેન્ટર્નના વેચાણ, સંગ્રહ, ઉત્પાદન અને ઉપયોગ અંગે નાગરિકો ૧૦૦ નંબરઉપર ફરિયાદ કરીશકશે

**ચાઇનીઝ દોરા, નાયલોન દોરા તથા ચાઇનીઝ લેન્ટર્નના ઉપયોગ પર મૂકવામાં આવેલ પ્રતિબંધનું ચુસ્તપણે પાલન કરાવવા રાજ્ય સરકાર દ્વારા વહીવટી તંત્રને સૂચના અપાઇ**



કમલમ્ ન્યુઝ,
ચાઈનીઝ દોરા, નાયલોન દોરા તથા ચાઈનીઝ લેન્ટર્નના ઉપયોગ પર મૂકવામાં આવેલ પ્રતિબંધનું ચુસ્તપણે પાલન કરાવવા રાજ્ય સરકાર દ્વારા રાજ્યના વહીવટી તંત્રને સૂચના આપવામાં આવી છે એમ ગૃહ વિભાગની યાદીમાં જણાવાયું છે. ઉત્તરાયણ દરમિયાન ચાઈનીઝ દોરા, માંજા, નાયલોન દોરા, ચાઈનીઝ લેન્ટર્ન તથા અન્ય નૂકસાનકારક પદાર્થોથી બનેલી વસ્તુ પર પ્રતિબંધ મૂકવાની માંગણી સાથે ગુજરાત હાઈકોર્ટમાં દાખલ થયેલ પીટીશનની આજની સુનાવણી દરમિયાન નામદાર કોર્ટ દ્વારા દિશાનિર્દેશ આપવામાં આવ્યા હતા જેને ધ્યાને લઈ રાજ્ય સરકાર દ્વારા રાજ્ય વહીવટી તંત્રને જરૂરી સૂચનાઓ આપવામાં આવી છે. ઉત્તરાયણ દરમિયાન ચાઈનીઝ દોરા, માંજા, નાયલોન દોરા તથા ચાઈનીઝ લેન્ટર્નના ઉપયોગથી નાગરિકો, પશુ-પક્ષી અને પર્યાવરણને નૂકસાન થતુ હોવાથી રાજ્ય સરકાર દ્વારા આ વસ્તુઓના ઉપયોગ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છેજેનું ચૂસ્તપણેપાલન થાય તથા આ સંદર્ભે લોકજાગૃતિ કેળવાય તે હેતુથી રાજ્ય સરકાર દ્વારા રાજ્યના સમગ્ર પોલીસ તંત્ર, જિલ્લા કલેક્ટર, મ્યુનિસિપલ કમિશનરને જરૂરી સૂચનાઓ આપવામાં આવી છે. આ સંદર્ભે લોકજાગૃતિ કેળવવા મોટા પ્રમાણમાં લોકો એકત્ર થતા હોય તેવા સ્થળોએ પબ્લીક એનાઉન્સમેન્ટ સિસ્ટમનો ઉપયોગ કરવો, સમગ્ર રાજ્યમાં લગાવવામાં આવેલ એલ.ઈ.ડી. સ્ક્રીન પર સમયાંતરે જનજાગૃતિ સંદેશાઓ પ્રસારિત કરવા તથા શાળા અને કોલેજોમાં વિદ્યાર્થીઓ સાથે જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવાનું રહેશે. નાગરિકો ચાઈનીઝ દોરા, માંજા, નાયલોન દોરા તથા ચાઈનીઝ લેન્ટર્નના વેચાણ, સંગ્રહ, ઉત્પાદન અને ઉપયોગ અંગે ફરિયાદ ફોન નંબર: ૧૦૦ઉપર રજૂ કરી શકશે.

# ઈશ્વરની કૃપાથી જ આપણે સેવાકીય કાર્યો કરી શકીએ છીએ - મંત્રી શ્રીમતિ ભાનુબેન બાબરીયા



કમલમ્ ન્યુઝ,ભુજ
સામાજિક ન્યાય અને અધિકારીતા,? મહિલા અને બાળ કલ્યાણ મંત્રી શ્રીમતિ ભાનુબેન બાબરીયા કચ્છના મેઘપર બોરીચી ખાતે શ્રી રાધા મદન મોહન ઈસ્કોન મંદિરના ઉદ્ઘાટન કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા. તેઓએ ઈસ્કોન મંદિરના ઉદ્ઘાટન પ્રસંગે દેશ વિદેશમાં મંદિરની સેવાકીય પ્રવૃતિઓને બિરદાવી હતી. ઈસ્કોન મંદિર નિર્માણના દાતાઓની ઉદારતાની પ્રસંશા કરીને તેઓએ ઉમેર્યુ હતું કે, ઈશ્વરની કૃપાથી જ આપણે સેવાકાર્યો કરીશકીએ છીએ. ઈશ્વર દરેક જગ્યાએપહોંચી વળવા સક્ષમ છે પણ જ્યારે આપણે કોઈ સારા કાર્યમાં નિમિત્તબનીએ છીએ ત્યારે તે ઈશ્વરનો આદેશહોય છે. કૃષ્ણનું જીવન જન જન સુધી પહોંચાડવાનું સુંદર કાર્ય ઈસ્કોન સંસ્થા કરી રહી છે તેબાબતે તેઓએ હર્ષની લાગણી વ્યકત કરી હતી. આ કાર્યક્રમમાં કચ્છ મોરબી સાંસદ શ્રી વિનોદભાઈ ચાવડાએ પણ આંતરરાષ્ટ્રીય કક્ષાએ ઈસ્કોન મંદિરની ખ્યાતિ અને સંસ્કૃતિ જતન માટે સંસ્થાના પ્રયાસો બિરદાવ્યા હતા. આ ઉદ્ઘાટન પ્રસંગે ગાંધીધામ ધારાસભ્યશ્રી માલતીબેન મહેશ્વરી, પૂર્વ રાજ્યમંત્રી શ્રી વાસણભાઈ આહિર, પૂર્વ સાંસદશ્રી પૂનમબેન જાટ, ગાંધીધામ નગરપાલિકા પ્રમુખશ્રી ઈશિતાબેન ટીલવાણી, અગ્રણી સર્વશ્રી રણછોડભાઈ આહિર, શ્રી ભોજાભાઈ આહિર, શ્રી નિતિનભાઈ, શ્રી હરેશભાઈ ચોથાણી, શ્રી સુરેશભાઈ ગુપ્તા, શ્રી નંદલાલ ગોયલ, ઈસ્કોનના શ્રી ગોપાલકૃષ્ણ મહારાજ, શ્રી હર્ષગોવિંદદાસજી મહારાજ સહિત સંતો, સામાજિક આગેવાનો અને ભક્તજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.



કમલમ્ ન્યુઝ,સમીર શાહ. વ્યારા.
ગળતી નદીના કાંઠે નિર્માણ પામેલું ‘પ્લેટિનીયમ વન’ અનેક મુલાકાતીઓ માટે બન્યું આકર્ષણનું કેન્દ્ર; ગળતેશ્વર મહાદેવના સામિપ્યમાં વસેલું સરનાલ ગામ ખાતેનું આ વન ખેડા જિલ્લા વન વિભાગ દ્વારા તૈયાર કરવામાં આવ્યું છે... દાંડી યાત્રા સ્મૃતિ પથ, રેંટિયો વન, સરદાર વન, નમો વન અને ઓક્સિજન પાર્ક સહિતના આકર્ષણો આ વનની મુલાકાત લેતા પ્રકૃતિપ્રેમીઓ માટે નવીન સંભારણું બની રહેશે.

# ડાંગ જિલ્લાના ચીંચલી ગામે ગ્રંથાલયનો શુભારંભ કરાયો



કમલમ્ન્યુઝ,અમરનાથ જગતાપ
પુસ્તકો થકી યુવાધન શિક્ષિત બને તેમજ સમાજના વ્યક્તિત્વ ઘડતરમા પુસ્તકો ઉપયોગી સાબિત થાય તે માટે ડાંગ જિલ્લાના પૂર્વપટ્ટી વિસ્તારમા આવેલ ચીંચલી ગામે યુવાઓ દ્વારા "આપણુ પુસ્તકાલય ગ્રામ ગ્રંથાલય સહ સાંસ્કૃતિક કેદ્ર-ચીંચલી "નો શુભારંભ કરવામા આવ્યો હતો. ગ્રંથાલયના શુભારંભ પ્રંસગે ડાંગ જિલ્લા સદસ્ય શ્રી મધુભાઈએ જણાવ્યુ હતુ કે, આજનો યુવાધન વ્યસનમા પોતાની જિંદગીને વ્યર્થ બનાવી રાખે છે. પરંતુ કુટેવો છોડીને શિક્ષણ ક્ષેત્રમા પગરવ માંડે તે જરૂરી બની ગયુ છે. પુસ્તકાલયમા યુવાઓ પોતાનો સમય પસાર કરી સારા પુસ્તકોનુ વાંચન કરી પોતાના જીવનમા બદલાવ લાવી શકે છે. તાલુકા સદસ્ય શ્રી સુરેશભાઈ ચૌધરીએ જણાવ્યુ હતુ કે, આજે માહિતીના સ્ત્રોત ઘણા છે, પરંતુ સાચી માહિતી મેળવવા માટે યુવાઓએ પુસ્તકોનો ઉપયોગ કરવો જરૂરી છે. સાચી માહિતી સમાજ નિર્માણ માટે ઉપયોગી સાબિત થશે. તેમજ શિક્ષિત સમાજ હંમેશા પ્રગતિ કરી શકશે. આ પ્રંસગે અતિથિ વિશેષ શ્રી પરિમલભાઈ દેસાઈએ જણાવ્યુ હતુ કે, યુવા ધનને યોગ્ય શિક્ષણ અને માર્ગદર્શન પુરુ પાડવાની જરૂર છે. જેનાથી શિક્ષિત બેરોજગારોની સંખ્યામા ઘટાડો કરી રોજગારી મેળવવાતરફના પ્રયત્નો કરી શકાય. તેમજ આજના શૈક્ષણિક માંગના આધારે સ્પર્ધાત્મક પરીક્ષાઓ પાસ કરવા માટેવાંચન જરૂરી છે. ચીંચલી ગામના યુવાઓ દ્વારા ગ્રામ પંચાયતના કમ્યુનીટી હોલમા શરૂ કરેલ ગ્રંથાલયમા શ્રી પરિમલ દેસાઈએ રૂ.૪૫૦૦૦ ના પુસ્તકો જે ગુજરાત જાહેર સેવા, અન્ય સ્પર્ધાત્મક પરીક્ષાઓ, એકલવ્ય તેમજ નવોદયની શાળા પ્રવેશ માટેની પરીક્ષાઓ પાસ કરવા માટે જરૂરી પુસ્તકોમાટે અનુદાન આપ્યુ છે. ચીંચલી ગામે ગ્રંથાલયના શુભારંભ પ્રંસગે ડાંગ જિલ્લા ગ્રંથાલય શ્રી લાડ, તાલુકા સદસ્ય શ્રી વિજયભાઈ ચૌધરી, ગામના આગેવાનો શ્રી હીરામણભાઈ સાબળે, શ્રીસુરેશભાઈ સાબળે, શ્રી મુકેશભાઈ પવાર, શ્રી મનોજભાઈ ચૌધરી, ચીંચલી એકલવ્ય શાળાના શિક્ષકો, વિદ્યાર્થી તેમજ ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# ડોલવણના ગડત ગામે નિરાધાર વિધવાની મદદે પહોંચ્યુ તાપી જિલ્લા વહીવટીતંત્ર

**તાપી કલેકટર સુશ્રી ભાર્ગવી દવે ડોલવણ તાલુકાના ગડત ગામે નિરાધાર વિધવા મહિલાના ઘરે વહીવટીતંત્રની ટીમ સાથે પહોંચ્યા અને સરકારી યોજનાકીય લાભો આ પરિવારને તાત્કાલિક સ્થળ પર જ મળી રહે તે માટે સબંધિત અધિકારીઓને તાકીદ કરી**



કમલમ્ ન્યુઝ,સમીર શાહ
તાપી જિલ્લાના ડોલવણ તાલુકાના ગડત ગામના ગોડાઉન ફળિયામાં રહેતા વિધવા વન્તીબહેનનો પરિવાર નિરાધાર હોવાની માહિતી મળતા જ કલેકટર સુશ્રી ભાર્ગવી દવે તાબડતોબ જીલ્લા વહીવટી તંત્રની ટીમ સાથે આ પરિવારની મુલાકાતે પહોંચ્યા હતા. ખરેખર જ જયારે આ પરિવારની સ્થિતિ નિહાળી અને દિવ્યાંગ બાળકોની દયનીય હાલત વિશે તાગ મેળવ્યો ત્યારે કલેકટર સુશ્રી ભાર્ગવી દવેનું માતૃહ્દય દ્રવી ઉઠ્યું. આ પરિવારને શક્ય એટલી બધી જ યોજનાકીય મદદ કરવા માટે સબંધિત અધિકારીશ્રીઓને તાકીદ કરી નિરાધાર પરિવારને પુરી મદદની ખાત્રી આપી હતી. ગડત ગામના વન્તીબેન ગામીતની કહાની હ્દયદ્રાવક છે. તેમની માનસિક સંતુલન ગુમાવેલી દિકરીના એક દિકરો અને દિકરી, આ બંને સંતાનો દિવ્યાંગ છે. આ લોકોના આધારકાર્ડ પણ નથી અને યોજનાકીય લાભો માટે આધાર પુરાવા હોવા જરૂરી છે. ત્યારે આ ડોકયુમેન્ટસ તૈયાર કરવા માટે તલાટીને તાકીદ કરી ઝડપથી આ પરિવારનેમદદ કરવાસૂચના આપી હતી. રાજ્ય સરકાર દ્વારા ગુડ ગર્વનન્સ થીમને પ્રાધાન્ય આપી શ્રેષ્ઠ કામગીરી કરવામાં આવી રહી છે ત્યારે કલેકટર સુશ્રી ભાર્ગવી દવેના માર્ગદર્શન હેઠળ મામલતદાર શ્રી હાર્દિક સતાસીયા, બાળ અને સમાજ સુરક્ષા અધિકારી, મદદનીશ તાલુકા વિકાસ અધિકારી જયદિપ ગામીત અને તલાટીએ નિરાધાર પરિવારને મદદ કરવાની સંવેદનાસભર કામગીરી શરૂ કરી દીધી છે.વિધવા સહાય,પાલક માતા-પિતા યોજના,આવાસ યોજના,દિવ્યાંગ સહાય યોજના સહાય માટે મેડિકલ સર્ટીફિકેટ વિગેરે માટે સબંધિત અધિકારીશ્રીઓને સત્વરે કાર્યવાહી કરવા કલેકટર સુશ્રી દવેએ ખાત્રી આપી હતી. મામલતદાર કચેરી દ્વારા આધાર રજીસ્ટ્રેશન, રેશન કાર્ડ,વિધવા સહાયની અરજી મંજૂર કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. પ્રશાસન દ્વારા હંગામી ધોરણે આ પરિવાર માટે અનાજની કિટ,તેલ, લોટ,કપડા,નાસ્તો વિગેરે વ્યવસ્થા કરી આપી તાપી જિલ્લાની પહેલ પ્રશાસન ગાંવ કી ઓર સાચા અર્થમાં સાર્થક બની રહી છે.



કમલમ્ ન્યુઝ,ઈકબાલ મેમણ હિંમતનગર
હિંમતનગર તાલુકાના સઢા ગામમાં વર્ષોની જૂની માગણી પૂરી કરવા માટે સરપંચ શ્રી ભાવનાબા રાજેન્દ્રસિંહ રાઠોડ દ્વારા ગામના આગેવાનો જોડે રહી અને ગ્રામ પંચાયતના સંયુક્ત થી ગામ થી વારાહી માતાજી મંદિર અને સ્મશાન સુધીની સ્ટ્રીટ લાઈટની માગણી પૂરી કરવામાં આવેલ છે અને આજરોજ તારીખ ૬ ૧ ૨૦૨૩ ને શુક્રવારના રોજ સ્ટ્રીટ લાઈટ નું લોકાર્પણ કરવામાં આવેલ છે



કમલમ્ ન્યુઝ,ઈકબાલ મેમણ હિંમતનગર
હિંમતનગર તાલુકાના દલપુર ગામે ૧૭ લાખના નવીન મંજુર થયેલા ગ્રામ પંચાયત ઘરનું ખાતમુહર્ત હિંમતનગરના માનનીય ધારાસભ્યશ્રી વી. ડી.ઝાલા સાહેબના વરદ્ હસ્તે કરવામાં આવ્યું આ પ્રસંગે સંગઠન પ્રમુખશ્રી હસમુખભાઈ પટેલ, તા.પંચાયત પ્રમુખશ્રી વિનોદભાઈ પટેલ, જિલ્લાસદસ્યશ્રી રમીલાબેન સુરેશભાઈ પટેલ/તાલુકા સદસ્યશ્રી નીલમબેન પ્રજાપતિ , તાલુકા મહામંત્રીશ્રીરાજેન્દ્રસિંહ પઢિયાર, તાલુકા વિકાસ અધિકારીશ્રી સિસોદિયા સાહેબ, ભૂમિબેન પટેલ સાહેબ તેમજ રવિભાઈ પટેલ સહિત સૌ ગ્રામજનો ખુબ મોટી સંખ્યા માં ઉપસ્થિત રહ્યા હતા

# આશરો ચેરિટેબલ ટ્રસ્ટ પાંડરવાડા દ્વારા જાહેર જનતા માટે આયોજિત મફત નેત્ર નિદાન

**જાનકી હોસ્પિટલ મોડાસા તથા સાર્વજનિક હોસ્પિટલ મોડાસા ના સંયુક્ત ઉપક્રમે કાર્યક્રમ યોજાયો**



કમલમ્ ન્યુઝ,ધાર્મિક ભટ્ટ
આંખ નો કેમ્પમાં શિણાવાડા ગામમાં પ્રાથમિક શાળા માં એન એસ એસ શિબિર માં યોજવામાં આવ્યો.જેમાં એન એસ એસ ના ૧૦૦ જેટલા વિદ્યાર્થી દ્વારા ૨ યુનિટ માં આ કેમ્પ નું સરસ આયોજન કર્યું હતું. અરવલ્લી જિલ્લા ના મોડાસા તાલુકા માં આશરો ચેરિટેબલ ટ્રસ્ટ ના મંત્રી જે ૨૮ જેટલા એવોર્ડ્સ વિજેતા હાર્દિક પંચાલ અને કૃણાલ ગાંધીદ્વારા મફત નેત્રનિદાન કેમ્પઆશરો ચેરિટેબલ ટ્રસ્ટ મહિસાગર સાર્વજનિક હોસ્પિટલ મોડાસા તથા જાનકી હોસ્પિટલ આયોજિત શ્રી એસ કે શાહ ઓમ એમ આર્ટસ કૉલેજ મોડાસા ના એન એન એસ શિબિર માં આજા રોજ રવિવાર ના રોજ યોજવા માં આવ્યો .જેમાં ડો જાનકી બેન ને શાલ ઓઢાડી ને સન્માન કરવા માં આવ્યું હતું .હાર્દિક પંચાલ ને શિબિર ને અનુલક્ષી ને પ્રવચન આપ્યું હતું. સવારે ૧૦ થી ૧૨ વાગ્યા સુધી કેમ્પ નું સરસ આયોજન જેમાં ૨૧૬ જેટલા દર્દીઓ એ આંખ નું ચેક આપ કરાવી ૧૯૦ જેટલા દર્દી ને ૪૦ રૂપિયા માં આંખ ના ચશ્મા આપવા માં આવ્યા હતા અને ૨૦ જેટલા દર્દી ને મોતિયા ના ઓપરેશન માટે તારીખ આપવા માં આવી હતી.એન એન એસ પ્રોગ્રામ ઓફિસર એમ બી દેશમુખ અને દિગ્ગજ શાહ દ્વારા હાથ ધરાયું હતુ. શ્રી આશરો ચેરીટેબલ ટ્રસ્ટ હાર્દિક પંચાલ દ્વારા મહિના ૨૧ જેટલા આંખ ના કેમ્પ કરી ને લોકો ને આંખ ની સમસ્યા થી પીડાતા દૂર થાય એવા પ્રયાસ હાથ ધરવામાં આવ્યો છે. ૧૦૮ ના હુલામણા નામ થી જાણતા હાર્દિક પચાલ હંમેશા કટોકટીની દરેક પળ માં લોકો ની મદદ માટે અડીખમ હોય છે ત્યારે તેમના દ્વારા આંખ ના કેમ્પ .દાંત નું નિદાન,હાડકા ના દુખાવા માટે ઓર્થો ના સર્વ રોગ નિદાન કેમ્પ નું આયોજન દરેક મહિના માં જુદા જુદા વિસ્તાર માં કરવા માં આવે છે. આશરો ચેરિટેબલ ટ્રસ્ટ નું કાર્ય કોઈપણ રસ્તે રજળતા ભિક્ષુકને જુવે, કોઈ પાગલ જેવા લાગતા વ્યક્તિને જુવે, કે કોઈ નિરાધાર અસહાય બહેન ને જુવે, હાર્દિક નો માંહ્યલો કાંપી ઉઠે. એ પોલીસ ની મદદ મેળવે, અભયમટીમ ની મદદ મેળવી ને પણ રસ્તે રજળતાં લોકો ને પરિવાર સુધી પોહચાડે.આ કાર્ય ની સિદ્ધિ સાચે એના પરિવાર સુધી પહોંચાડી એનું મન જપે છે .આ કાર્યકર્મ માં આશરો ચેરિટેબલ ટ્રસ્ટ ની ઉત્તમ કામગીરી રહી હતી.

# સાંકળચંદ પટેલ યુનિવર્સિટીએ ડેન્ટીસ્ટ્રી ફેકલ્ટીમાં યુકેના Dundee University ના એડજન્ટ પ્રોફેસર તરીકે ડો. જ્યોર્જચારુકારાને આવકાર્યા



કમલમ્ ન્યુઝ,
આંતરરાષ્ટ્રીયકરણની પ્રક્રિયામાં SPU કેમ્પસ SPU ના પ્રમુખ શ્રી. પ્રકાશ પટેલે આગળ વધુ એક પગલું ભર્યું અને વરિષ્ઠ ક્લિનિકલ લેક્ચરર અને જાણીતી Dundee University યુકેમાંથી પ્રોસ્ટોડોન્ટિક્સમાં માસ્ટર્સ માટે લીડ ડો. જ્યોર્જ ચારુકારાને ડેન્ટિસ્ટ્રી ફેકલ્ટીમાં સહાયક પ્રોફેસર તરીકે નિયુક્ત કર્યા. રાષ્ટ્રપતિએ કહ્યું કે તેમની કુશળતાનો ઉપયોગ NPDCH નાઅંડરગ્રેજ્યુએટ અને અનુસ્નાતક વિદ્યાર્થીઓને તાલીમ આપવા અને સંયુક્ત સંશોધન, વિદ્યાર્થી અને ફેકલ્ટી એકસચેન્જ પ્રોગ્રામ માટે કામ કરવા માટે કરવામાં આવશે. ડૉ.ડી.જે.શાહ પ્રોવેસ્ટ SPU, અને ડૉ.જે.આર. પટેલ પ્રોફેસર એમેરિટસડૉ. જ્યોર્જનું સ્વાગત કર્યું અને બંને યુનિવર્સિટીઓ વચ્ચે ભાવિ શૈક્ષણિક અને સાંસ્કૃતિક જ્ઞાનના આદાન-પ્રદાન અંગે ચર્ચા કરી. ડૉ. વિલાસ પટેલ, ડીન NPDCH ફેકલ્ટી ઓફ ડેન્ટિસ્ટ્રીએ તેમનો આભાર વ્યક્ત કર્યો અને શ્રીનો આભાર માન્યો. પ્રકાશપટેલવિશ્વસ્તરીયઈન્ફ્રાસ્ટ્રક્ચર, સાધનોઅને હવેજાણકાર નિષ્ણાતો સાથે પ્રદાન કરવા માટે. તેણીએ આગામી ૧૨ મહિના માટે ડૉ. જ્યોર્જ સાથે શૈક્ષણિક આયોજન કર્યું છે, જ્યાં તેઓ કેસ, જર્નલક્લબ અને સંશોધન પ્રોજેક્ટ્સની ચર્ચા માટે માસિક બે સમર્પિત દિવસો હશે. SPU ના ડીન એક્સટર્નલ અફેર્સ ડૉ. અનિલ મનગુટ્ટીએ જણાવ્યું હતું કે SPU નો ઉદ્દેશ્ય અમારા વિદ્યાર્થીઓને આંતરરાષ્ટ્રીય કક્ષાનું શિક્ષણ આપવાનોઅને એક્સપોઝર આપવાનો છે જેથી તેઓ સરળતાથી તેમનો આગળનો અભ્યાસ કરી શકે અથવા કોઈપણ યુરોપિયન દેશોમાં કામ કરી શકે.

